# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# LOCAL BODIES ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે આવતીકાલે જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. આ સાથે જ ઉમેદવારીપત્ર ભરાવવાનું પણ શરૂ થશે. ઉલ્લેખનીય છે કે, 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠક માટે આગામી 26 એૅપ્રિલે મતદાન થશે. જ્યારે 28 તારીખે મતગણતરી કરાશે.

# FOOD INSPECTION IN STATE

ગાંધીનગરના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યની હૉટેલ અને રેસ્ટોરાં-માં પનીર અને ઍનાલૉગના ડિસ્પ્લે બૉર્ડની તપાસ માટેની વિશેષ ઝૂંબેશ હાથ ધરાઈ. ગઈકાલે 347 જેટલી પેઢીઓની સઘન ચકાસણી દરમિયાન 615 કિલો જેટલો અખાદ્ય જથ્થો નાશ કરાયો. તેમજ એક લાખ 40 હજાર 900 રૂપિયાનો દંડ કરાયો છે.

# MAHISAGAR CANAL BANDH

મહીસાગરના કડાણા બંધમાંથી પસાર થતી સુજલામ્ સુફલામ્ નહેર આજે બંધ કરવામાં આવી છે. તેના કારણે સાત જિલ્લાના ખેડૂતોને ઉનાળું પાક અને પીવાના પાણી પર અસર થશે.

(VOICECAST: KAUSHIK JOSHI)

# AMDAVAD DRUGS ACCUSED

અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પરથી એક કરોડ રૂપિયાથી વધુના કેફી પદાર્થ સાથે એક મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, કસ્ટમ વિભાગના અધિકારીઓએ બેંગકોકથી આવતા એક મુસાફરને  શંકાના આધારે અટકાવ્યો હતો. તપાસ કરતા તેના સામાનમાંથી એક કિલોથી વધુના વજનનો કેફી પદાર્થ મળી આવ્યો હતો. તેની આંતર-રાષ્ટ્રીય કિંમત એક કરોડ રૂપિયાથી વધુ હોવાનું મનાય છે. પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલો આ મુસાફર મહારાષ્ટ્રના ઉલ્લાસનગરનો હોવાનું જણાયું છે.

# GNR INDRODA PARK

ગાંધીનગરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણી સંગ્રહાલયમાં ગરમીને ધ્યાને રાખી પ્રાણીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાણીઓના પાંજરા નજીક કૂલર મુકાયા છે. તેમજ સમયાંતરે ઠંડા પાણીનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે. આ અંગે ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતાનો અહેવાલ સાંભળીએ.

(VOICE CAST : DURGESH MEHTA)

# BHARUCH BANK FIRE

ભરૂચમાં શાલિમાર કૉમ્પ્લેક્સમાં આવેલી એક બૅન્કમાં આગ લાગ્યાના અહેવાલ છે. બૅન્કની બારીમાંથી ધુમાડો દેખાતા લોકોએ અગ્નિશમન દળને જાણ કરતા દળે ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી છે. જ્યારે આગ લાગવાનું કારણ હજી સુધી જાણી શકાયું નથી

# MAHESANA SUMMER CROP

મહેસાણામાં ખેડૂતો હાલ ઉનાળું પાકનું વાવેતર કરી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધી 43 હજાર હેક્ટરથી વધુનું વાવેતર થયું છે. તેમાં સૌથી વધુ 10 હજાર હેક્ટરમાં બાજરીના પાકનું વાવેતર થયાના અહેવાલ છે.

# DAMAN PLAYERS MEDAL

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના દિવ્યાંગ ખેલાડીઓએ ચોથી પેરા-ટૅકવોંન્ડો રાષ્ટ્રીય સ્પર્ધામાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. તાજેતરમાં બેંગ્લોરમાં યોજાયેલી સ્પર્ધામાં પૂજા રાણે-એ સુવર્ણ અને શ્રીમંથ બાલે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સ્પર્ધામાં હર્ષિલ ભટ્ટે પણ ભાગ લીધો હતો. ઇન્ડિયા ટૅકવોંન્ડો દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યમાંથી આવેલા ખેલાડીઓને પાછળ મુકીને આ ખેલાડીઓએ આ સિદ્ધિ મેળવી છે.